Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# ભારતમાં વસ્તીના વલણો

પ્રા. બીના આર. ચૌધરી*

-પ્રસ્તાવના:-

કોઈપણ દેશનો ઝડપી વિકાસ કરવા માટે વસ્તીનું કદ અને તેની ગુણવત્તા ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. દેશની વસ્તીને લગતી ચોક્કસ માહિતી ન હોય તો કોઈપણ દેશ પોતાના ધ્યેયો નક્કી કરી શકે નહી. એટલેકે દેશ અને સમાજના વિકાસ માટે કયા પગલા લેવા તે નક્કી કરી શકાય નહી. તેથી વસ્તીના ખ્યાલો કે વલણો જાણવા દેશ માટે ખૂબ જરૂરી છે વસ્તીની દ્રષ્ટીએ ચીનનો પ્રથમ ક્રમ અને ભારતનો બીજો ક્રમ આવે છે.

"નિશ્ચિત વિસ્તારમાં નિશ્ચિત સમયે સામાન્યતઃ નિવાસ કરતી વ્યક્તિઓની કુલ સંખ્યાને વસ્તી કહેવામાં આવે છે." ભારતમાં સૌ પ્રથમ વસ્તી ગણતરી ૧૮૭૧માં થઇ હતી. પરંતુ તે અપૂરતી હતી. દેશમાં બધાજ રાજ્યોની ગણતરી એકસાથે થઇ ન હતી. ૧૮૮૧મા બીજી વસ્તી ગણતરી કરવામાં આવી જે બધા રાજ્યોમાં એકસાથે કકરવામાં આવી પરંતુ તેમાં પણ અંદાજો પર વધુ આધાર રાખવામાં આવ્યો. આથી આ માહિતી આધારભૂત ન લાગતા૧૮૯૧માં વસ્તી ગણતરીની કામગીરી કરવામાં આવી ત્યારથી પ્રત્યેક ૧૦ વર્ષે દેશની સંપૂર્ણ વસ્તી ગણતરી કરવામાં આવે છે. ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧માં કરવામાં આવી જેની આંકડાકીય માહિતી નીચે પ્રમાણે છે.

---

*પ્રા. બીના આર. ચૌધરી , આણંદ આર્ટસ કોલેજ,આણંદ

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

ભારતમાં વસ્તી વૃદ્ધિનોદર :

ભારતમાં વસ્તીનું પ્રમાણ અને તેના વૃદ્ધિ દરનો ખ્યાલ નીચેના કોઠા પરથી જાણી શકાશે.

| વર્ષ | વસ્તી(કરોડ) | દશકામાં વસ્તી ફેરફાર(કરોડ) | વાર્ષિક સરેરાશ વસ્તી વૃદ્ધિનો દર(ટકાવારી) |
|---|---|---|---|
| ૧૯૦૧ | ૨૩.૮ | ૦.૨ | ૦.૦૮ |
| ૧૯૧૧ | ૨૫.૨ | ૧.૪ | ૦.૫૭ |
| ૧૯૨૧ | ૨૫.૧ | -૦.૧ | -૦.03 |
| ૧૯૩૧ | ૨૭.૯ | ૨.૮ | ૧.૦૪ |
| ૧૯૪૧ | ૩૧.૯ | ૪.૦ | ૧.૩૩ |
| ૧૯૫૧ | ૩૬.૧ | ૪.૨ | ૧.૨૫ |
| ૧૯૬૧ | ૪૩.૯ | ૭.૮ | ૧.૯૬ |
| ૧૯૭૧ | ૫૪.૮ | ૧૦.૯ | ૨.૨૦ |
| ૧૯૮૧ | ૬૮.૩ | ૧૩.૭ | ૨.૨૨ |
| ૧૯૯૧ | ૮૪.૬ | ૧૬.૦ | ૨.૧૪ |
| ૨૦૦૧ | ૧૦૨.૭ | ૧૮.૧ | ૧.૯૩ |
| ૨૦૧૧ | ૧૨૧.૦૨ | ૧૮.૩૨ | ૧.૭૬ |
| ૨૦૧૯ | ૧૩૭ | ૧૬.૯૮ | -- |

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ઉપરોકત કોઠા પરથી નીચેના તારણો તારવી શકાય.

- ૧૯૦૧ થી ૧૯૨૧ ના સમયગાળા દરમિયાન વસ્તીમાં થયેલો વધારો ધીમો હતો જેનું કારણ જન્મદરમાં ઘટાડો નહી પરંતુ મૃત્યુદરમાં થયેલો વધારો હતો
- ૧૯૨૧ પછી વસ્તીમાં એકધારો વધારો થયો તેથી ૧૯૨૧ન વર્ષને મહાવિભાજક વર્ષ તરીકે ઓળખવામાં આવે છે.
- ૧૯૫૧માં ભારતમાં આયોજનની શરૂઆત થઇ ત્યારે વસ્તી ૩૬ કરોડની હતી. ૨૦૧૧માં ૧૨૧.૦૨ કરોડની થઇ.
- ૧૯૦૧માં સરેરાશ વસ્તી વૃદ્ધિનો દર૦.૦૮% હતો તે ૨૦૧૧માં ૧.૭૬% થયો.

વસ્તીના અભ્યાસમાં કેટલાક ખ્યાલો કે પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે જેવા કે જન્મદર , મૃત્યુદર, વસ્તીની ગીચતા , અપેક્ષિત આયુષ્ય વગેરે... આવા શબ્દોનો વસ્તીના અભ્યાસમાં વારંવાર ઉપયોગ થાય છે તેથી આ ખ્યાલોની સમજ મેળવવી ખૂબ જ જરૂરી છે.

૧. જન્મદર :

કોઈ એક દેશમાં નિશ્ચિત સમયે દર હજારની વસ્તીએ જન્મતા બાળકોની સંખ્યાને જન્મદર કહેવામાં આવે છે

$$\text{જન્મદર} = \frac{B}{P} \times k$$

B=Birth, P=Population, K=1000;

$$\text{જન્મદર} = \frac{\text{એકવર્ષમાંજીવિતબાળકોનીસંખ્યા}}{\text{વસ્તી}} \times \text{૧૦૦૦}$$

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

ભારતમાં જન્મદરનું પ્રમાણ નીચેમુજબ છે.

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| જન્મદર | ૩૯.૯ | ૪૧.૭ | ૩૬.૯ | ૩૩.૯ | ૨૯.૫ | ૨૫.૪ | ૨૧.૮ | ૧૭.૮ |

વસ્તીમાં કેટલો વધારો થયો છે તે જાણવા માટે જન્મદર ખૂબ મહત્વનો છે જન્મથી વસ્તીમાં વધારો થાય છે.

૨. મૃત્યુદર:

કોઈ એક દેશમાં નિશ્ચિત સમયે દર હજારની વસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યાને મૃત્યુદર કહેવામાં આવે છે

$$\text{મૃત્યુદર} = \frac{D}{P} \times k$$

D=Death, P=Population, K=1000;

$$\text{મૃત્યુદર} = \frac{\text{એકવર્ષદરમિયાનમૃત્યુથયેલાનીસંખ્યા}}{\text{વસ્તી}} \times ૧૦૦૦$$

ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ નીચેમુજબ છે.

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| મૃત્યુદર | ૨૭.૪ | ૨૨.૮ | ૧૪.૯ | ૧૨.૫ | ૯.૮ | ૮.૪ | ૭.૧ | ૭.૨ |

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

વસ્તીશાસ્ત્રના અભ્યાસમાં જન્મદરનું જેટલું મહત્વ છે તેટલું જ મહત્વ મૃત્યુદારનું પણ રહેલું છે વ્યક્તિના મૃત્યુથી વસ્તીમાં ઘટાડો થાય છે

3. બાળમૃત્યુદર:

જીવતા જન્મેલા દર એક હજાર બાળકોમાંથી એક વર્ષની ઉમર પૂરી ર્ક્યા પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યાને બાળમૃત્યુદર કહેવામાં આવે છેમૃત જન્મેલા બાળકોનો તેમાં સમાવેશ થતો નથી. જે જીવતા જન્મ્યા હોય અને એક વર્ષમાં મૃત્યુ પામે તેનો જ સમાવેશ થાય છે. ભારતમાં બાળમૃત્યુદરનું પ્રમાણ નીચે મૂજબ છે

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| બાળમૃત્યુદર | ૧૪૬ | ૧૩૮ | ૧૨૯ | ૧૧૦ | ૮૦ | ૬૬ | ૪૪ | ૩૦.૯ |

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાય છે કે બાળમૃત્યુદારનું પ્રમાણસતત ઘટતું જાય છે.

4. વસ્તીગીચતા:

દર ચોરસ કિલોમીટર દીઠ વસ્તીનું જે પ્રમાણ આવે તેને વસ્તીની ગીચતા કહેવામાં આવે છે. દેશની કુલ વસ્તીને તેના જમીનના વિસ્તાર વડે ભાગવાથી વસ્તીની ગીચતા શોધી શકાય છે. જમીનના પ્રમાણમાં વસ્તી વધુ હોય તો તે પ્રદેશની વસ્તીગીચતા વધુ છે તેમ કહેવાય.

$$\text{વસ્તીની ગીચતા} = \frac{\text{કુલવસ્તી}}{\text{કુલજમીન}}$$

ભારતમાં વસ્તીની ગીચતા નીચે મુજબ છે.

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|---|---|---|---|---|
| વસ્તીગીચતા | ૧૧૭ | ૧૪૨ | ૧૭૭ | ૨૧૬ | ૨૬૭ | ૩૨૪ | ૩૫૮ |

ISSN NO: 2395-339X

ભારતમાં વસ્તી વધતી જાય છે તેની સરખામણીમાં જમીનનું કદ વધતું નથી તેથી વસ્તીની ગીચતાં નું પ્રમાણ વધતું જોવામળે છે.

૫. જન્મ સમયે આયુષ્યની ધારણા :

જન્મ સમયે આયુષ્યની ધારણા એટલે નવા જન્મેલા બાળકને માટે જીવવાની શક્યતાના વર્ષો.

અપેક્ષિત આયુષ્ય એટલે જન્મતા બાળકોનું સરેરાશ આયુષ્ય

નવું જન્મેલું બાળક જેટલા વર્ષજીવવાની અપેક્ષા રાખી શકે તે વર્ષોને જન્મ સમયે આયુષ્યની ધારણા કહે છે.

દરેક વ્યક્તિ લાંબા આયુષ્યની અપેક્ષા રાખે છે પરંતુ પોતાની ઈચ્છાથી લાંબુ આયુષ્ય ભોગવી શકાતું નથીતે ઘણા પરિબળો પર આધાર રાખે છે. ભારતમાં અપેક્ષિત આયુષ્ય નીચે મુજબ છે.

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| અપેક્ષિત આયુષ્ય | ૩૨.૧ | ૪૧.૩ | ૪૫.૬ | ૫૫.૪ | ૫૯.૪ | ૬૩.૪ | ૬૬.૧ | ૬૯ |

સ્ત્રીનું આયુષ્ય પુરુષોની સરખામણીમાં વધુ હોય છે.૨૦૧૧ પ્રમાણે સ્ત્રીનું આયુષ્ય૬૭.૭ અને પુરુષનું૬૪.૬ વર્ષ છે. ૨૦૧૮માં સ્ત્રીનું આયુષ્ય૭૦.૩ અને પુરુષનું આયુષ્ય૬૭.૪ વર્ષ છે.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

૬. જાતિ પ્રમાણ :

ભારતની કુલ વસ્તીમાં સ્ત્રી અને પુરુષોની સંખ્યા કેટલી છે તે જાતિ પ્રમાણ દ્વારાજાણી શકાય છે. કોઈપણ દેશમાં સ્ત્રી અને પુરુષોની સંખ્યા સરખી હોતી નથી દેશની વસ્તીમાં દર એક હજાર પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યાને સ્ત્રીપુરુષના પ્રમાણ તરીકે અથવા જાતિ પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં જાતિ પ્રમાણ ના આંકડા નીચે પ્રમાણે છે.

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા | ૯૪૬ | ૯૪૧ | ૯૩૧ | ૯૩૪ | ૯૨૯ | ૯૩૩ | ૯૪૦ |

પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છેકારણકે ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન પરંપરાથી નીચું આવ્યું છે કન્યાના જન્મને આવકારદાયક ગણવામાં આવતો નથી અને તેના પ્રત્યે ધ્યાન અપાતું નથી તેથી મૃત્યુદર ઉંચો રહે છે અને સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

૭. સાક્ષરતાનું પ્રમાણ :

કોઈપણ દેશના ઝડપી વિકાસ માટે શિક્ષણ મહત્વનું છે. નિરક્ષરતા વસ્તીવૃદ્ધિનું મહત્વનું નિર્ણાયક પરિબળ છે. સાક્ષર એટલે વ્યક્તિ પોતાની માતૃભાષામાં લખી તથા વાંચી શકે છે અર્ધસાક્ષર એટલે જે લખી શકતી નથી માત્ર વાંચી શકે છે. નિરક્ષર એટલે જે કોઈપણ ભાષામાં પોતાની સમજશક્તિ દ્વારા લખી અને વાંચી શકતી નથી

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ટુંકમાં પોતાની સમજશક્તિ દ્વારા સામાન્ય બાબતને કોઈપણ ભાષામાં લખી કે વાંચી શકતી વ્યક્તિને સાક્ષર કહી શકાય.

શિક્ષિત વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ નીચે મુજબ છે

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|---|---|---|---|---|
| કુલ સાક્ષર પ્રમાણ | ૧૮.૩૩ | ૨૮.૩૦ | ૩૪.૪૫ | ૪૩.૫૭ | ૫૨.૨૧ | ૬૫.૩૮ | ૭૪.૦૪ |

કુલ સાક્ષરતાનું પ્રમાણ વધતું જતું જોવા મળે છેપુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું શિક્ષણનું પ્રમાણ ઓછુ છે.

૮. ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ:

ભારતમાં તાજેતરમાં જોઈએ તો શહેરી વસ્તીનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે જેની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય વસ્તીની ટકાવારી | ૮૨.૭ | ૮૨ | ૮૦.૧ | ૭૬.૭ | ૭૪.૩ | ૭૨.૨ | ૬૮.૮ |
| શહેરી વસ્તીની ટકાવારી | ૧૭.૩ | ૧૮ | ૧૯.૯ | ૨૩.૩ | ૨૫.૭ | ૨૭.૮ | ૩૧.૨ |

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

વર્તમાન સમયમાં શહેરી વસ્તીનું પ્રમાણ વધવાના કારણો ગામડામાં રોજગારીની અપૂરતી તકો શહેરી વિસ્તારોમાં સુખ સગવડનું આકર્ષણ, શિક્ષણની સુવિધા, જમીનદારીપ્રથાની નાબુદી વગેરે જોવા મળે છે. શહેરી વસ્તી વધવાથી કેટલીક નકારાત્મક અસરો પણ જોવા મળે છે.

૯. વસ્તીની વ્યવસાયલક્ષી વહેંચણી :

કોઈપણ દેશની આર્થિક પ્રવૃતિનો ક્યાલ જે તે દેશની વસ્તીની વ્યવસાયલક્ષી વ્હેંચણી પરથી જાણી શકાય છે. વ્યવસાયની દ્રષ્ટીએ લોકોને ચાર વિભાગમાં વહેચવામાં આવ્યા છે (૧) ખેડૂતો (૨)ખેતમજુરો (૩) ગૃહઉધોગના શ્રમિકો (૪) અન્ય શ્રમિકો.

કોઈપણ વ્યક્તિ આજીવિકા મેળવવા માટે જે કાંઈ કાર્ય કરે, સેવા કે વ્યાપાર કરે તેને વ્યવસાય કહેવામાં આવે છે વસ્તીની વ્યવસાયલક્ષી વહેંચણી નીચેના કોઠા પરથી સમજી શકાય.

| વ્યવસાય/વર્ષ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૧૧ | ૨૦૧૭ |
|---|---|---|---|---|---|---|
| ખેતી | ૭૨.૩ | ૭૨ | ૭૧ | ૬૫ | ૪૮.૮ | ૪૨.૭૪ |
| ઉધોગ | ૧૧.૬ | ૧૧.૧ | ૧૧ | ૧૫ | ૨૩.૪૫ | ૨૩.૭૯ |
| વેપાર, વાણીજ્ય, નોકરી | ૧૬.૧ | ૧૬.૯ | ૧૮ | ૨૦ | ૨૭.૭૫ | ૩૩.૪૮ |

કોઠાને આધારે જોઈએ તો લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી જ જોવા મળે છે. ગામડાના લોકો ખેતી પર જ નભે છે તેથી ખેતી પર વસ્તીનું ભારણ ઓછું થતું નથી પરિણામે વ્યવસાયિક અસમતુલા જોવા મળે છે.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

૧૦. ધર્મ પ્રમાણે વસ્તીનું પ્રમાણ:

ભારતમાં વધારે વ્યાપક એવા છ ધર્મો બતાવવામાં આવ્યા છે. જેમાં હિંદુ ધર્મ અપનાવેલ લોકોનું પ્રમાણ વધારે છે જૈન ધર્મના લોકોની સંખ્યા સૌથી ઓછી છે. દેશમાં જુદા જુદા ધર્મો અપનાવેલ લોકોનું પ્રમાણ નીચે મુજબ છે

| ધર્મ | વસ્તીની ટકાવારી |
|---|---|
| હિન્દુ | ૮૦.૫ |
| મુસલમાન | ૧૩.૪ |
| ખ્રિસ્તી | ૨.3 |
| શીખ | ૧.૯ |
| બૌધ | ૦.૮ |
| જૈન | ૦.૪ |
| અન્ય | ૦.૬ |
| નહિ જણાવેલ | ૦.૧ |

વસ્તી ગણતરીના અહેવાલ મુજબ દેશની મુખ્યકોમોમાં હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ, બૌધ, જૈન વગેરેનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધારે વસ્તી હિન્દુ ધર્મમાં જોવા મળે છે

કોઈપણ દેશની પ્રગતિ માટે જે તે દેશની વસ્તીના વાલણો કેવા પ્રકારના છે તે જાણવું ખુબ જરૂરી છે. અલ્પવિકસિત, વિકાસમાન અને વિકસિત દેશોના વસ્તી અંગેના ખ્યાલો જુદા જુદા જોવા મળે છે. દેશનો વિકાસ વસ્તીનું કદ અને તેની લાક્ષણિકતા પર આધાર રાખે છેઆમ વસ્તીના અભ્યાસમાં વસ્તી અંગેના ખ્યાલો ખુબ જ મહત્વના છે.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

સંદર્ભ :

- ➔ વસ્તીશાસ્ત્ર –પોપ્યુલર પ્રકાશન સુરત
- ➔ વસ્તીશીક્ષણ – શ્રી ગજાનન પુસ્તકાલય સુરત
- ➔ ભારતીય અર્થતંત્ર– નીરવ પ્રકાશન અમદાવાદ
- ➔ ભારતીય અર્થતંત્ર– પોપ્યુલર પ્રકાશન સુરત